For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ખુલ્લા બજારમાં ખરીદી મોંઘી પડતાં કંપનીએ આખરે લીધો નિર્ણય

# VGLS CNG-PNGમાં રૂા.૨નો વધારો ઝિંક્યો

**કેન્દ્ર તરફથી મળતા** સસ્તા ગેસના ક્વોટામાં ઘટાડો થતાં અને, ગ્રાહકો પર બોજ ઓછો રાખવા પૂરતો જ ભાવવધારો

| ગેસનો પ્રકાર | અગાઉનો દર | નવો દર |
|---|---|---|
| CNG | રૂા.83.95 પ્રતિ કિલોગ્રામ | રૂા.85.95 પ્રતિ કિલોગ્રામ |
| ઘરેલુ PNG | રૂા.51.74 પ્રતિ SCM | રૂા.53.74 પ્રતિ SCM |
| વાણિજ્યિક PNG | રૂા.69.50 પ્રતિ SCM | રૂા.71.50 પ્રતિ SCM |

(પ્રતિનિધિ), વડોદરા. તા.1
વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પાઈપલાઈન દ્વારા રાંધણ ગેસ (PNG) અને સીએનજી (CNG) પૂરો પાડતી સરકારી કંપની 'વડોદરા ગેસ લિમિટેડ' દ્વારા ગ્રાહકોને મોટો ઝાટકો આપવામાં આવ્યો છે. ગેસની ખરીદી કિંમતમાં સતત થઈ રહેલા વધારા અને કેન્દ્ર સરકાર તરફથી મળતી ફાળવણીમાં કાપને પગલે કંપનીએ આજથી એટલે કે તા. 01 જૂન, 2026 થી સીએનજી અને પીએનજીના દરોમાં મર્યાદિત વધારો કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

VGL દ્વારા બહાર પાડવામાં આવેલી સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકાર તરફથી કંપનીને જે સસ્તો કુદરતી ગેસ ફાળવવામાં આવતો હતો, તેના જથ્થામાં તાજેતરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડાને કારણે કંપનીએ ગ્રાહકોની જરૂરિયાત પૂરી કરવા માટે ખુલ્લા બજાર માંથી મોંઘા ભાવે ગેસ ખરીદવો પડી રહ્યો છે. લાંબા સમયથી કંપની આ વધારાનો ખર્ચ પોતે ભોગવતી હતી જેથી ગ્રાહકો પર બોજ ન પડે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં વહીવટી સંતુલન જાળવવા માટે આ મર્યાદિત વધારો કરવો અનિવાર્ય બન્યો છે. કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે, ઈનપુટ કોસ્ટમાં જે પ્રમાણમાં મોટો વધારો થયો છે, તેની સરખામણીએ ગ્રાહકો પર બહુ જ સીમિત અને ઓછો બોજ નાખવામાં આવ્યો છે. આમ, ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને જ આ નવો રેટ નક્કી કરવામાં આવ્યો છે.કંપનીના જણાવ્યા અનુસાર, આ મામૂલી વધારા છતાં પણ પર્યાવરણમિત્ર, સુરક્ષિત અને સુલભ ઈંધણ તરીકે CNG અને PNG હજુ પણ પેટ્રોલ-ડીઝલ કે પરંપરાગત LPG સિલિન્ડર જેવા અન્ય ઈંધણોની સરખામણીએ વધુ અનુકૂળ, સુરક્ષિત અને આર્થિક રીતે કિફાયતી (સસ્તા) વિકલ્પો છે.વડોદરા ગેસ લિમિટેડ વડોદરા શહેર-જિલ્લા ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કાર્યરત છે. કંપનીએ ગ્રાહકોને ખાતરી આપી છે કે તેઓ ભવિષ્યમાં પણ સતત, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ગેસ પુરવઠો પૂરો પાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.આ સાથે જ કંપનીએ જણાવ્યું છે કે જે નાગરિકો નવું પાઈપલાઈન ગેસ કનેક્શન મેળવવા માંગતા હોય, તેઓ VGLની સત્તાવાર વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરી શકે છે. આ ઉપરાંત, ગ્રાહકોની સુવિધા અને માર્ગદર્શન માટે કંપનીના વિવિધ ગ્રાહક સેવા કેન્દ્રો પણ કાર્યરત છે, જ્યાંથી તમામ જરૂરી સહાય મેળવી શકાશે. વડોદરા ગેસ લિમિટેડના આ નિર્ણયની સીધી અસર હજારો ઘરેલુ, વ્યાવસાયિક તેમજ વાહનચાલક ગ્રાહકો પર પડશે. ખાસ કરીને રોજિંદા ઉપયોગ માટે સીએનજી પર આધારિત ઓટોરિક્ષા, ટેક્સી અને ખાનગી વાહનચાલકોના ખર્ચમાં થોડો વધારો થશે. જોકે કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે દરવધારો અત્યંત મર્યાદિત રાખવામાં આવ્યો છે જેથી સામાન્ય ગ્રાહકો પર વધારાનો આર્થિક બોજ ન પડે.

### ૧૭ મેના રોજ લેવાયેલી પરીક્ષામાં 30%થી વધુ વિદ્યાર્થીઓ સફળ

# JEE એડવાન્સનું પરિણામ જાહેર : ૧.૮૭ લાખમાંથી ૫૬,૮૮૦ વિદ્યાર્થી ક્વોલિફાય


Divay Yadav Arjun Agarwal Chhavi Agarwal

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
આઈઆઈટી અને રાષ્ટ્રીય પ્રૌદ્યોગિકી સંસ્થાનો નીટમાં પ્રવેશ માટેની અત્યંત મહત્વની ગણાતી જેઈઈ એડવાન્સ 2026નું પરિણામ જાહેર થઈ ગયું છે. આ વર્ષે 17 મેના રોજ યોજાયેલી આ પરીક્ષામાં દેશભરમાંથી કુલ 1.87 લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી 56,880 વિદ્યાર્થીઓએ ક્વોલિફાય કર્યું છે. જેઈઈ એડવાન્સ્ડ 2026ના જાહેર થયેલા પરિણામોમાં એફટીએસ અને ઈઆર04 બેચના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સંસ્થાના દિવ્ય યાદવે 213 પોઝિટિવ સ્કોર સાથે ઓલ ઈન્ડિયા સીઆરએલ રેન્ક 1147 અને ઓબીસી એનસીએલ કેટેગરીમાં 194મો રેન્ક મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. એફટીએસ બેચના અર્જુન અગ્રવાલે 186 માર્ક્સ સાથે CRL 2802 મેળવ્યો છે. ER04 બેચમાંથી છવી અગ્રવાલે 175 માર્ક્સ સાથે CRL 3698, સુયશ શ્રીવાસ્તવે 162 માર્ક્સ સાથે CRL 5742 મેળવ્યો છે. યથાર્થ ભાવસારે 147 માર્ક્સ સાથે CRL 8250 અને OBC NCL કેટેગરીમાં 1930મો રેન્ક પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત આયુષ ડોંગરેએ CRL 9595, અદ્વૈત નાયરે CRL 12588, હૃદય ભક્તાએ CRL 12616 અને નિધિશ શેટ્ટીગારે CRL 15811 મેળવી છે. સંસ્થાના 9 વિદ્યાર્થીઓએ 115થી વધુ માર્ક્સ મેળવી JEE એડવાન્સ્ડ ક્વોલિફાય કર્યું છે. સંસ્થાના ડાયરેક્ટરે જણાવ્યું કે, વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના માર્ગદર્શન અને વાલીઓના સહયોગથી આ પરિણામ શક્ય બન્યું છે. ટોપર્સ વિદ્યાર્થીઓને IIT બોમ્બે, IIT દિલ્હી, IIT મદ્રાસ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં પ્રવેશ મળવાની શક્યતા છે. સંસ્થાએ તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. પરિણામ જાહેર થયા બાદ જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી દ્વારા કાઉન્સેલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ક્વોલિફાય થયેલા વિદ્યાર્થીઓ પોતાની રેન્ક અને પસંદગીના આધારે IIT, NIT, IIIT અને GFTI સંસ્થાઓમાં બ્રાન્ચ અને કોલેજની પસંદગી કરી શકશે.

### મહિલા પોલીસકર્મીએ નોંધાવી ફરિયાદ

# મહિલા ASIને બીજા લગ્નની લાલચ આપી સોનાની ચેઈન લઈ રફૂચક્કર

(પ્રતિનિધિ), વડોદરા. તા.1
મૂળ રાજપીપળા જિલ્લાના નાદોડ તાલુકાના જીયોરપાટી ગામના વતની ઉષાબેન જીવણભાઈ રોહિત વર્ષ 2016 થી પોલીસ વિભાગમાં કાર્યરત છે. હાલ તેઓ વડોદરાના પ્રતાપનગર પોલીસ હેડક્વાર્ટરમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે અને ત્યાં જ સરકારી ક્વાર્ટર્સમાં રહે છે. ઉષાબેનના પ્રથમ લગ્ન સફળ ન રહેતા તેઓએ છૂટાછેડા લીધા હતા. ત્યારબાદ પોતાના પુત્રના ભવિષ્ય અને બીજા લગ્ન માટે તેઓ યોગ્ય પાત્રની શોધમાં હતા. આ દરમિયાન તેમનો સંપર્ક વાઘોડિયા તાલુકાના બાકરોલ ગામે રહેતા ભાવેશ ચૌહાણ નામના શખ્સ સાથે થયો હતો. બંને વચ્ચે વાતચીત વધતા લગ્ન કરવાનું નક્કી થયું હતું. સંબંધ ગાઢ બનતા ભાવેશ ચૌહાણે મહિલા પોલીસકર્મી પાસેથી 12.950 ગ્રામ વજનની સોનાની ચેઈન માત્ર થોડા દિવસ પહેરવાના બહાને માંગી હતી. ભાવિ પતિ હોવાના અતૂટ વિશ્વાસે મહિલાએ પોતાની ચેઈન તેને આપી દીધી હતી. જોકે, થોડા સમય બાદ ભાવેશની વર્તણૂકમાં અચાનક બદલાવ આવ્યો હતો અને તે લગ્ન કરવાના મૂડમાં ન હોય તેવું જણાતા ઉષાબેને સગપણ તોડી નાખવાનો નિર્ણય કર્યો હતો.

સગપણ તૂટ્યા બાદ મહિલા પોલીસકર્મીએ પોતાની સોનાની ચેઈન પરત માંગી ત્યારે આરોપી ભાવેશ આનાકાની કરવા લાગ્યો હતો અને ગોળ-ગોળ જવાબો આપતો હતો. શંકા જતાં ઉષાબેને તપાસ કરાવી તો ચોંકાવનારી હકીકત સામે આવી કે આરોપી ભાવેશે તે સોનાની ચેઈન એક ગોલ્ડ લોન આપતી ફાઈનાન્સ કંપનીમાં ગિરવે મૂકી દીધી હતી અને લોનના નાણાં ઓળવી ગયો હતો. વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભોગ બનેલા મહિલા એએસઆઈએ આખરે આરોપી ભાવેશ ચૌહાણ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# બરોડા ડેરી પાસે બીમાર હાલતમાં મળેલા યુવકનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.1
શહેરના બરોડા ડેરી નજીકથી ગત 25મી તારીખે બીમાર હાલતમાં મળી આવેલા એક અજાણ્યા યુવકનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે મકરપુરા પોલીસે અકસ્માતે મોતના ગુનાની નોંધ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત 25મી તારીખના રોજ બરોડા ડેરી નજીક આવેલા એક જાહેર શૌચાલય પાસે આશરે 30 થી 35 વર્ષની ઉંમરનો એક અજાણ્યો યુવક બીમાર અને અર્ધબેભાન હાલતમાં પડ્યો હતો. સ્થાનિક લોકોની નજર પડતાં જ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ સર્વિસને જાણ કરવામાં આવી હતી. 108 ની મદદથી યુવકને તુરંત જ સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સઘન સારવાર બાદ પણ તેની સ્થિતિમાં સુધારો થયો ન હતો અને ગત રાત્રિએ તેણે દમ તોડી દીધો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા મકરપુરા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો.

### ગણિત-વિજ્ઞાન-અંગ્રેજીના ગુણના આધારે મેરિટ બનશે,3 જૂને ફી ભરવાની રહેશે

# વડોદરામાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ પ્રવેશ પ્રક્રિયા શરૂ,શાળા કક્ષાએ ફોર્મ વિતરણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
વડોદરા જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહની પ્રવેશ કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. શાળા કક્ષાની પ્રવેશ પ્રક્રિયામાં તારીખ - નિયમો મુજબ તા.2 સુધી સવારે 10:00 કલાક સુધી શાળા કક્ષાએથી પ્રવેશ ફોર્મનું વિતરણ અને જમા કરાવવાનું રહેશે. માર્કશીટ ચકાસીને જ કાર્યવાહી કરવાની રહેશે. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ તા. 2 ના રોજ સવારે 11:00 કલાકે શાળાના નોટિસ બોર્ડ પર જાહેર કરવાનું રહેશે. મેરિટ યાદી બનાવતી વખતે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી (પ્રથમ/ દ્વિતીય ભાષા) એમ 03 મુખ્ય વિષયોના ગુણ ધ્યાનમાં લેવાના રહેશે. પ્રથમ પ્રવેશ યાદી જાહેર થયા બાદ પસંદ થયેલા વિદ્યાર્થીઓએ તા. 3 ના રોજ શાળા સમય દરમિયાન ફી ભરવાની રહેશે.

| સરકારી અને સહાયક અનુદાન મેળવતી શાળાઓમાં ધો-11 વિજ્ઞાન પ્રવાહ માટે જગ્યાઓની બેઠકનું વર્ગીકરણ નીચે મુજબ રહેશે | |
|---|---|
| 1.અનુસૂચિત જાતિ (7%): | 05 બેઠકો |
| 2.અનુસૂચિત જનજાતિ (15%): | 11 બેઠકો |
| 3.સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (27%): | 20 બેઠકો |
| 4.આર્થિક રીતે નબળા વર્ગ (EWS) (10%): | 08 બેઠકો |
| 5.પોતાની શાળા: | 25 બેઠકો |
| 6.અન્ય શાળાના વિદ્યાર્થીઓ માટે: | 06 બેઠકો |
| 7.કુલ: | 75 બેઠકો |

શાળા કક્ષાની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ તા. 3 ના રોજ તમામ શાળાઓએ ધો-11 વિજ્ઞાન પ્રવાહની ખાલી રહેતી બેઠકોની વિગત એસ.વી.એસ. મારફત કેન્દ્રીય ભરતી પ્રક્રિયા માટે મોકલી આપવાની રહેશે. પ્રવેશથી વંચિત તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય ભરતી પ્રક્રિયાના ફોર્મ તા. 3 અને તા. 4 ના રોજ સવારે 11:00 થી બપોરે 2:00 દરમિયાન સરકારી બુનિયાદી સ્ત્રી અધ્યાપન મંદિર, સુરસાગર, વડોદરા ખાતેથી મેળવીને તે જ દિવસે ભરીને પરત જમા કરાવવાના રહેશે. વંચિત વિદ્યાર્થીઓની પ્રવેશ/શાળા ફાળવણીની કાર્યવાહી તા. 6 ના રોજ સવારે 11:00 કલાકે સરકારી બુનિયાદી સ્ત્રી અધ્યાપન મંદિર, સુરસાગર ખાતે જ કરાશે. તમામ પ્રવેશ કાર્યવાહી માટે સરકારના આદેશો અને વખતોવખતની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

### ડ્રેનેજના તૂટેલા ઢાંકણા, શહેરીજનોના માથે અકસ્માતનું સતત જોખમ





■ શહેરના રસ્તા પરના આ ડ્રેનેજના તૂટેલા ખુલ્લા ઢાંકણો વાહનચાલકો અને રાહદારીઓ માટે 'મોતનું સરનામું' બનીને ઊભા છે. સામાન્ય દિવસોમાં તો આ તૂટેલા ઢાંકણા માંડ-માંડ નજરે પડે છે, પરંતુ ચોમાસામાં જ્યારે રસ્તાઓ પર પાણી ભરાશે ત્યારે આ અદ્રશ્ય બનેલા તૂટેલા ઢાંકણ કોઈ નિર્દોષ નાગરિકનો જીવ લઈ શકે છે. સ્માર્ટ પ્રશાસન અને જાગૃત પદાધિકારીઓ એરકન્ડિશન્ડ ઓફિસોમાંથી બહાર નીકળીને આવી ગ્રાઉન્ડ રિયાલિટી ક્યારે જોશે ? કોઈ મોટી દુર્ઘટના ઘટે અને કોઈનો ઘરનો ચિરાગ બુઝાય, તે પહેલાં તંત્ર આ આળસ ખંખેરીને માત્ર કાગળ પર નહીં પણ રસ્તા પર સાચી કામગીરી બતાવે તેવી લોક માંગ ઉઠી છે.

### બહારથી પાણીની બોટલ અને નાસ્તા પર પ્રતિબંધ

# સયાજી બાગમાં 'પ્લાસ્ટિક પ્રતિબંધ' કે વેપારીઓને ફાયદો પહોંચાડવાનો ખેલ?

**સ્વચ્છતાના** નામે જનતાને હેરાનગતિનો આક્ષેપ, તંત્રના બેવડા ધોરણો સામે ઉઠ્યો વિરોધ



(પ્રતિનિધિ) વડોદરા તા.1
વડોદરાના ઐતિહાસિક અને લોકપ્રિય સયાજી બાગમાં અમલમાં મુકાયેલા 'પ્લાસ્ટિક પ્રતિબંધ'ના નિર્ણયને લઈને નવો વિવાદ ઊભો થયો છે. સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના નામે બાગમાં પ્રવેશતા મુલાકાતીઓ માટે બહારથી લાવવામાં આવતા નાસ્તાના પડીકા, છાસની થેલીઓ અને પાણીની પ્લાસ્ટિક બોટલો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, આ નિર્ણયને લઈને સ્થાનિક નાગરિકો અને પર્યટકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.મુલાકાતીઓના જણાવ્યા મુજબ, બાગના પ્રવેશદ્વાર પર ચેકિંગ દરમિયાન તેમની પાસે રહેલી પાણીની બોટલો અને અન્ય ખાદ્ય સામગ્રી બહાર મુકાવી દેવામાં આવે છે. જેના કારણે ખાસ કરીને કાળઝાળ ગરમીમાં નાના બાળકો અને વડીલો સાથે આવતા પરિવારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.વિવાદનું મુખ્ય કારણ તંત્રના કથિત બેવડા ધોરણો હોવાનું માનવામાં આવી રહ્યું છે. એક તરફ બહારથી પ્લાસ્ટિકની વસ્તુઓ લાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જ્યારે બીજી તરફ બાગની અંદર પાલિકાના લાયસન્સ ધરાવતા ખાણી-પીણીના સ્ટોલ પર પ્લાસ્ટિકની પાણીની બોટલો, છાસ અને અન્ય પેકિંગવાળી વસ્તુઓનું વેચાણ બેરોકટોક ચાલુ હોવાનું મુલાકાતીઓ જણાવી રહ્યા છે.આ અંગે નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો સયાજી બાગને ખરેખર પ્લાસ્ટિકમુક્ત બનાવવાનો હેતુ હોય તો અંદરના વેપારીઓ માટે અલગ નિયમો કેમ? બહારથી પાણી લાવવા પર પ્રતિબંધ મૂકીને લોકોને અંદરના સ્ટોલ પરથી મોંઘા ભાવે પાણી અને નાસ્તો ખરીદવા મજબૂર કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.સ્થાનિક સહેલાણીઓનું કહેવું છે કે સ્વચ્છતા અને પર્યાવરણ જાળવવાના નિયમોનું સ્વાગત છે, પરંતુ તે નિયમો દરેક માટે સમાન હોવા જોઈએ.

### CCTV ફૂટેજમાં ચોરની અનોખી મોડસ ઓપરેન્ડી કેદ

# ATMમાં પતરાની પટ્ટી મારી ૧૦,૦૦૦ સેરવી લેતો ભેજાબાજ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 1
વડોદરાના વાડી ટાવર પાસે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના એટીએમ સેન્ટરમાં એક ભેજાબાજે ચોરીની અનોખી પદ્ધતિ અપનાવી ગ્રાહકના 10,000 સેરવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે બેંક મેનેજર અમિતકુમાર યાદવે વાડી પોલીસ મથકે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદ અનુસાર, ગત 24મી તારીખની રાત્રે એટીએમ મેનેજરને સેન્ટરમાં કોઈ શંકાસ્પદ ગતિવિધિ થતી હોવાની આશંકા જતાં તેમણે સુરક્ષાના ભાગરૂપે રાત્રે જ એટીએમ બંધ કરાવી દીધું હતું. બીજા દિવસે સવારે નૈનેશ પટણી નામના ગ્રાહકે બેંકમાં આવીને ફરિયાદ કરી હતી કે, રાત્રે 9 વાગ્યે તેમણે એટીએમમાંથી 10,000 ઉપાડવાની પ્રક્રિયા કરી હતી. તેમના ખાતામાંથી પૈસા કપાયાનો મેસેજ મોબાઈલ પર આવી ગયો હતો, પરંતુ મશીનમાંથી પ્રત્યક્ષ રીતે કોઈ રોકડ બહાર નીકળી ન હતી. ગ્રાહક મશીન ખરાબ હોવાનું સમજીને ત્યાંથી પરત ફર્યા હતા. ગ્રાહકની અરજીના આધારે બેંક મેનેજરે તાત્કાલિક સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજ જોઈને બેંક અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. સીસીટીવીમાં દેખાયું કે એક અજાણ્યો શખ્સ એટીએમ મશીન પાસે આવ્યો હતો અને જ્યાંથી કેશ બહાર નીકળે છે તે 'કેશ ડિસ્પેન્સર' ભાગમાં પતરાની પટ્ટી ખોસી દીધી હતી. આ પટ્ટીના કારણે ગ્રાહકના પૈસા બહાર નીકળવાને બદલે અંદર જ ફસાઈ ગયા હતા. ગ્રાહક ત્યાંથી રવાના થતાં જ આ શાતિર ચોરે મશીનમાંથી પતરાની પટ્ટી હટાવી અંદર અટકેલી 10,000ની રોકડ ચોરી લીધી હતી. આ નવી મોડસ ઓપરેન્ડી સામે આવી છે.

### સફાઈ અને ઊંડીકરણની કામગીરીની સમીક્ષા

# ભૂખી કાંસની કામગીરીનું નિરીક્ષણ,મેયર સહિતના પદાધિકારીઓની મુલાકાત

**ચોમાસા પહેલાં** પ્રી-મોન્સૂન કામગીરી પૂર્ણ કરવા અધિકારીઓને સૂચનાઓ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 1
ચોમાસાને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રી-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સુદઢ બનાવવા માટે કાંસોની સફાઈ, ઊંડીકરણ તેમજ ડ્રેનેજ નેટવર્ક સંબંધિત કામો કરવામાં આવી રહ્યા છે.

આ સંદર્ભે વડોદરાના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, સ્થાનિક કોર્પોરેટરો અને મહાનગરપાલિકાના અધિકારીઓએ એમ.એસ. યુનિવર્સિટી નજીક આવેલી ભૂખી કાંસની મુલાકાત લઈને ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.નિરીક્ષણ દરમિયાન સ્થળ પર ચાલી રહેલી સફાઈ અને ઊંડીકરણની કામગીરી અંગે અધિકારીઓ પાસેથી વિગતો મેળવવામાં આવી હતી. વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા અને ચોમાસા દરમિયાન સંભવિત પડકારોને ધ્યાનમાં રાખીને જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યા હતા.મહાનગરપાલિકા દ્વારા હાલમાં શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી લાઈનો, ડ્રેનેજ વ્યવસ્થા અને કાંસોની સફાઈ સહિતની પ્રી-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ચોમાસાની શરૂઆત પહેલાં આ કામગીરી પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગો દ્વારા કામગીરીની સમીક્ષા કરવામાં આવી રહી છે. વરસાદી ઋતુ દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને નિયંત્રિત કરવા માટે તંત્ર દ્વારા આગોતરા આયોજન હેઠળ વિવિધ કામગીરી ચાલી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

**તપાસની માગ** ઓવર બ્રિજ નીચેથી ગંદકી હટાવવાના નામે પાલિકાએ પોતે જ ગંદકીનું નવું સરનામું ઊભું કર્યું

# કરોડોના ખર્ચે બનેલા રમતગમત સંકુલોને તાળાં










(પ્રતિનિધિ) વડોદરા તા.1
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે 20થી વધુ ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બ્રિજની નીચેની જગ્યાઓનો સદુપયોગ થાય, ત્યાં થતા દબાણો અટકે અને ગંદકીનું સામ્રાજ્ય દૂર થાય તેવા આશય સાથે ટાઉન પ્લાનિંગ સમિતિમાં અગાઉ એક દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત કોર્પોરેશનના અગાઉના બજેટમાં બ્રિજ નીચેની જગ્યા ડેવલપ કરવા માટે અંદાજે એક કરોડ રૂપિયાનો ખર્ચ પણ નક્કી કરાયો હતો. આ આયોજનના ભાગરૂપે જ પાલિકા દ્વારા શહેરના ફતેગંજ અને હરીનગર ઓવર બ્રિજ નીચે અંદાજે પાંચ-પાંચ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે બાળકો માટેના અત્યાધુનિક રમતગમત સંકુલો તૈયાર કરવામાં આવ્યા હતા. આ સંકુલો પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે સ્થાનિક બાળકોને ઈન્ડોર રમતગમતની સુવિધા મળી રહે અને તેઓ ત્યાં આનંદ-પ્રમોદની વિવિધ પ્રવૃત્તિઓ કરી શકે. જોકે, પાલિકાના સત્તાધીશોના નબળા આયોજન અને વહીવટી ઉદાસીનતાને કારણે આ કરોડો રૂપિયાના પ્રોજેક્ટો આજે સંપૂર્ણપણે ધૂળ ખાઈ રહ્યા છે.

આ રમતગમત સંકુલોના સંચાલન અને નિયમિત નિભાવણી માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ ધરાવતી વિવિધ સંસ્થાઓ પાસેથી ઓફરો મંગાવવામાં આવી હતી. પરંતુ આશ્ચર્યજનક રીતે એક પણ સંસ્થાએ આ રમત સંકુલો સંભાળવામાં કે ચલાવવામાં રસ દાખવ્યો નથી. સંચાલન માટે કોઈ એજન્સી આગળ ન આવતા આ કરોડો રૂપિયાના સંકુલો લાંબા સમયથી બંધ હાલતમાં તાળાબંધી વચ્ચે પડી રહ્યા છે, જેના કારણે જનતાની પરસેવાની કમાણીના કરોડો રૂપિયા સીધા પાણીમાં ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે આ રમતગમત સંકુલો બનીને તૈયાર થઈ ગયા બાદ બાળકોના વેકેશનના બે-બે ગાળા પૂર્ણ થઈ ગયા હોવા છતાં, ત્યાં હજુ સુધી એક પણ રમતની પ્રવૃત્તિ વિધિવત રીતે શરૂ કરી શકાઈ નથી. લાંબા સમયથી આ સંકુલોનો કોઈ જ ઉપયોગ ન થતો હોવાથી અંદર વસાવેલા મોંઘા સુવિધાસભર સાધનો ધૂળ અને માટીના ઢગલા નીચે દટાઈ રહ્યા છે. સંકુલની અંદર ઈન્ડોર રમતો માટે લાવવામાં આવેલા કેરમ બોલ, ખુરશીઓ, ટેબલ ટેનિસના ટેબલો તેમજ જમીન પર પાથરેલી મોંઘી ગ્રીન ગ્રાસ અત્યારથી જ અત્યંત ખસતા અને બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. સાધનો વપરાશ વિના જ સડી રહ્યા હોવાથી સરકારી નાણાંનો ખુલ્લેઆમ વેડફાટ થઈ રહ્યો છે. જે હેતુથી આ પ્રોજેક્ટ શરૂ કરાયો હતો તે હેતુ જ અત્યારે તો માર્યો ગયો હોય તેમ લાગી રહ્યું છે.

સામાન્ય રીતે ઓવર બ્રિજ નીચે ભિક્ષુકો, શ્રમજીવીઓ, ફુગ્ગાવાળાઓ, બેઘર લોકો અને રખડતા ઢોરોનો જમેલો રહેતો હોય છે, જેના કારણે ત્યાં સતત ગંદકી ફેલાતી રહે છે. આ ગંદકી અટકાવવા માટે પાલિકાએ કરોડોના ખર્ચે રમત સંકુલ બનાવ્યા, પરંતુ આજે વહીવટી નિષ્ફળતાના કારણે આ રમત સંકુલની અંદર જ ગંદકીનું ભારે સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

### ૧૦૦% નામાંકન માટે સર્વે, ૬,૪૫૦ બાળકોનું રી-એનરોલમેન્ટ જ મુખ્ય લક્ષ્ય

# ૧૫,૨૫૪ ડ્રોપઆઉટમાંથી ૬,૧૭૭ બાળકો પરત ફર્યા,બાકીના માટે ખાસ રણનીતિ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1
વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગે શૈક્ષણિક અભિયાન હાથ ધર્યું છે. જેમાં સત્ર 2026-27 શરૂ થાય તે પહેલા જ બેક ટુ સ્કુલ અભિયાનની તૈયારીઓ આરંભી દીધી છે. ગત વર્ષે વિવિધ કારણોસર શાળા છોડી દેનાર વિદ્યાર્થીઓને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તંત્ર દ્વારા ખાસ કવાયત હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે એક અગત્યની બેઠક મળી હતી જેમાં ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વડોદરા જિલ્લામાં શૈક્ષણિક સત્ર 2026-27 શરૂ થાય તે પહેલાં જ બેક ટુ સ્કૂલ અભિયાનને વેગ મળ્યો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, સર્વે અંતર્ગત તમામ બાળકોને 100 ટકા શાળામાં પ્રવેશ મળે એ માટે તમામ પ્રયત્નો કરવામાં આવશે. અમારું મેન કામ ડ્રોપઆઉટ થયેલા તમામ બાળકોને ફરી શિક્ષણ કાર્યમાં જોડવાનું છે. ડીઈઓ મહેશ પાંડેએ ગત વર્ષના ડ્રોપઆઉટ આંકડાનું વિગતવાર વિશ્લેષણ રજૂ કર્યું હતું. ગહન ચિંતન બાદ સામે આવ્યું કે કુલ 15,254 બાળકોમાંથી 6,177 બાળકો હાલ અન્ય શાળામાં અભ્યાસ કરે છે. 513 બાળકો અધર સ્કૂલ કેટેગરીમાં નોંધાયેલા છે. 1,535 બાળકો સ્થળાંતર માઈગ્રેટ થઈ ગયા છે. 6,450 બાળકો રી-એનરોલમેન્ટની જરૂર છે. આ સૌથી મોટો પડકાર છે. 336 બાળકો વાલીઓએ શાળાએ મોકલવાની ના પાડી છે. 153 બાળકો અન-ટ્રેસેબલ છે. યોજાયેલી બેઠકમાં તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બ્લોક રિસોર્સ કો-ઓર્ડિનેટર અને ક્લસ્ટર રિસોર્સ કો-ઓર્ડિનેટર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. મહેશ પાંડેએ સ્પષ્ટ સૂચના આપી કે 6,450 રી-એનરોલમેન્ટ અને 336 રિફ્યુઝ કેટેગરીના બાળકોને પ્રાથમિકતા આપીને ફરી મેનસ્ટ્રીમમાં લાવવાના છે. કાઉન્સેલિંગ આર્થિક તંગી કે બાળમજૂરીના કારણે ના પાડનાર 336 વાલીઓનું કાઉન્સેલિંગ કરી સરકારી યોજનાઓનો લાભ સમજાવાશે. સ્થળાંતર ટ્રેકિંગ 1,535 માઈગ્રેટ બાળકોની માહિતી પડોશી જિલ્લા સાથે સંકલન કરી મેળવાશે.